# પેટલાદ નગરપાલિકા

## -: જાહેર નિવિદા :-

આથી શહેરી ફેરીયા(આજીવિકા રક્ષણ અને ફેરીની પ્રવૃતિ નિયમન) નિયમો-૨૦૧૪ મુજબ પેટલાદ નગરપાલિકા વિસ્તારમાં નોંધાયેલ ફેરીની પ્રવૃતિ કરતાં ફેરીયાઓને જણાવવામાં આવે છે કે ઉક્ત અધિનિયમ મુજબની પેટલાદ શહેર ફેરીયા સમિતિના બિનસત્તાવાર સભ્યો પૈકી ફેરીની પ્રવૃતિ કરતાં ફેરીયાઓના કુલ ૬ પ્રતિનિધિઓની ચૂંટણી કરવાની થાય છે. જે નીચે મુજબ છે.

(૧) બેઠક અનુસુચિત જાતિ સામાન્ય અનામત છે.

(૨) બેઠક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ મહિલા માટે અનામત છે.

(૩) બેઠક સામાન્ય મહિલા માટે અનામત છે.

(૪) બેઠક અનુસુચિત જનજાતિ સામાન્ય માટે અનામત છે.

(૫) બેઠક બિનઅનામત સામાન્ય છે.

- ઉમેદવાર અથવા તેમના નામની દરખાસ્ત કરનાર વ્યકિતએ ઉમેદવારી પત્ર(ફોર્મ)યોજના વિભાગમાંથી મેળવી મિનલબેન એમ રાજ્યગુરુ ચૂંટણી અધિકારી પેટલાદ શહેરી ફેરીયા સમિતિ મેનેજર એન.યુ.એલ.એમ પેટલાદ નગરપાલિકા કચેરી પેટલાદને ઉમેદવારી પત્ર તા.૨૭/૦૭/૨૦૨૧ થી મોડાં નહી તેવા જાહેર રજા સિવાયના કોઇ પણ દિવસે સવારનાં ૧૧:૦૦ થી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધીનાં સમય દરમ્યાન નીચે જણાવેલ સ્થળે આપી શકશે.
- ચૂંટણી અધિકારીની કચેરીનું સરનામું: નગરપાલિકા કચેરી કોમર્શિયલ બેંક ભવન સ્ટેશન રોડ,પેટલાદ ઉમેદવારી પત્રના નમૂના ઉપયુક્ત સ્થળે અને સમયે મેળવી શકશે.
- ઉમેદવારી પત્રો નીચે જણાવેલ સ્થળે તેની સામે જણાવેલ તારીખ તથા સમયે ચકાસણી માટે હાથ પર લેવામાં આવશે.

- ઉમેદવારી પત્રોની ચકાસણી કરવાની હોય તે કચેરીનું સ્થળ: નગરપાલિકા કચેરી કોમર્શિયલ બેંક ભવન સ્ટેશન રોડ,પેટલાદ તા:૨૮/૦૭/૨૦૨૧ સમય ૧૧:૦૦ કલાકથી ચકાસણી પુરી થાય ત્યાં સુધી.
- ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ કોઇ ઉમેદવાર અથવા તેમની દરખાસ્ત કરનાર વ્યકિત અથવા તેનાં ચૂંટણી એજન્ટ નિર્દિસ્ત કરેલા અધિકારીને તેની કચેરીમાં તા:૩૦/૦૭/૨૦૨૧ ના રોજ કચેરી સમયમાં બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી પોંહચાડી શકશે.

ચૂંટણીમાં હરીફાઇ થવાની હોય તે પ્રસંગે મતદાન તા:૦૯/૦૮/૨૦૨૧ ના રોજ સવારનાં ૮:૦૦ કલાકથી સાંજના ૧૭:૦૦ કલાકનાં સમય સુધીમાં થશે અને આપેલ ફેરીયા ઓળખકાર્ડ લઇ આવવાનું રહેશે.

ચૂંટણી અધિકારી
પેટલાદ શહેરી ફેરીયા સમિતિ,
મેનેજર(એન.યુ.એલ.એમ)
પેટલાદ નગરપાલિકા

# શહેરી શેરી ફેરિયા ચુંટણી - પેટલાદ નગરપાલિકા

## પેટલાદ નગરપાલિકા

### જાહેર નિવિદા

### શહેરી શેરી ફેરીયાનાં બિનસત્તાવાર સભ્ય થવા માટે ચૂંટણીજોગ

પેટલાદ નગરપાલિકા વિસ્તારમાં કાર્યરત બિન સરકારી સંસ્થાઓ, સમુદાય આધારીત સંસ્થાઓ અને નિવાસી કલ્યાણ મંડળો, અનુસુચીત જાતી, અનુસુચીત જનજાતી, સામાજીક રીતે પછાત વર્ગ, લઘુમતી તથા અપંગતા ધરાવતા શેરી ફેરીયાઓને આ નિવિદાથી જણાવવાનું કે ગુજરાત રાજ્ય શેરી ફેરીયા (આજીવિકા રક્ષણ અને ફેરીની પ્રવૃત્તિનું નિયમન) નિયમો-૨૦૧૮ના નિયમ (૧ થી ૬)ની જોગવાઈઓ અનુસાર પેટલાદ શહેર ફેરીયા સમિતિના બિન સત્તાવાર સભ્ય થવા માટે નીચે દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવનાર પાસેથી અરજીઓ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫માં કચેરી સમય પહેલા પેટલાદ નગરપાલિકા કચેરીએ રજુ કરવા જણાવવામાં આવે છે. (૧) અરજીને જે તે એન.જી.ઓ., સી.બી.ઓ.કે આર.ડબલ્યુ.એ. એ સમર્પીત કરી હોય. (૨) આ પ્રમાણે અરજી કરનાર અનુસુચીત જાતી, અનુસુચીત જનજાતી, સામાજીક રીતે પછાત વર્ગ, લઘુમતી તથા અપંગતા ધરાવતા શેરી ફેરીયાઓ હોવા જોઈએ. (૩) આ પ્રમાણે અરજી કરનાર ૧૮ વર્ષ પુરા કર્યા હોવા જોઈએ. (૪) કોઈપણ કોર્ટે તેને કોઈ ફોજદારી ગુના માટે દોષી ઠેરવીને સામાન્ય ચૂંટણીમાં ભાગ લેવા માટે તેને અસમર્થ (અયોગ્ય) જાહેર કર્યા હોવા જોઈએ નહીં.

- વધુમાં વિગતવાર માહિતી નગરપાલિકાના નોટિસ બોર્ડ અને પેટલાદ નગરપાલિકા વેબસાઈટના ફ્રન્ટ પેજ ઉપર ઈ-ન્યુઝના ફોલ્ડરમાં સ્ટ્રીટ વેન્ડર નામની લીંક ખોલવાથી શહેરી શેરી ફેરીયાઓનું લીસ્ટ જોઈ શકાશે. જેની વેબસાઈટ નીચે મુજબ છે.
- www.petladnagarpalika.org

નોંધ: અરજીનું ફોર્મ પેટલાદ નગરપાલિકાની એન.યુ.એલ.એમ. (યોજના વિભાગ) શાખામાંથી મેળવવાનું રહેશે. અને ભરેલ ફોર્મ પેટલાદ નગરપાલિકા ખાતે બંધ કવરમાં રૂબરૂ આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી કોમર્શિયલ બેંક ભવન સ્ટેશન રોડ, પેટલાદ નગરપાલિકા કચેરીના સરનામે મોકલી આપવાના રહેશે.

ચૂંટણી અધિકારી<br>
પેટલાદ શહેર ફેરીયા સમિતિ<br>
મેનેજર (એનયુએલએમ)<br>
પેટલાદ નગરપાલિકા

(માહિતી/આણંદ/૨૨૧/૨૧-૨૨)